**ફોજદારી કેસ નંબર :– ૧૪૧૬/૨૦૨૩**
**આંક–**

૧. આ કામના આરોપી સામે આક્ષેપિત ગુન્હો જી.પી. એકટ કલમ ૩૭(૧), ૧૩૫ મુજબના ગુન્હાનુ ચાર્જશીટ અદાલતમાં રજુ કરેલ છે. આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ. તે બાદ આરોપીની પ્લી લેવામાં આવતા તેમાં આરોપીને ગુન્હાનો સ્વિકાર કરેલ છે. આરોપી ગુન્હાનો સ્વીકાર કરતા હતા તે કબુલાત સ્વૈચ્છિક હોવાની ખાતરી કરવામાં આવી તે બાદ આરોપી તરફથી ગુન્હા કબુલાત પુરશીષ રજુ કરેલ છે તેમાં પણ તેઓએ નિખાલસપણે પોતાનો ગુન્હો સ્વૈચ્છિક રીતે કબુલ કરેલ છે અને વધુમા જણાવેલ છે કે, તેઓનો પ્રથમ ગુન્હો છે, ગરીબ બાલ–બ્ચાવાળો છે જેથી હળવી સજા અને દંડ કરવા માટે અરજ ગુજારેલ છે.

૨. સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોર જી.એલ.આર.૨૦૦૫ પાના નંબર:૭૦૯ ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેન્ચે એવો સિધ્ધાંત પ્રસ્થાપીત કરેલ છે કે, **'' જો આરોપીનો પ્રથમ ગુન્હો હોય અને હળવી સજા કરવા માટે પુરતા કારણો જણાઈ આવતા હોય તો કોર્ટ કાયદામાં ઠરાવેલ મહતમ સજા કરતા પણ ઓછી સજા ફરમાવી શકે છે. ''** આમ ઉપરોકત ચુકાદાને નજર સમક્ષ રાખતા હાથ ઉપરના કેસમાં પણ આરોપીએ તેઓના ગુન્હા કબુલાત પુરશીષની વિગતો જોતા તેઓનો પ્રથમ ગુન્હો હોય એન ગરીબ માણસ હોવાનુ જણાવેલ છે.

૩. આ સંજોગોમાં ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આરોપીની ગુન્હો કબુલાત સ્વૈચ્છિક હોય તથા પ્રથમ ગુન્હો હોય તેથી કાયદામાં ઠરાવેલ મહતમ સજા નહી કરતા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચુકાદાને વળગી રહીને આરોપીની કબુલાતનો સ્વિકાર કરવામાં આવે છે અને નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– :: હુ ક મ :: –**

– આ કામના આરોપી **કમલસિંહ આત્મારામ બલાઈ** ને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૫૨ અન્વયે જી.પી. એકટ કલમ ૩૭(૧), ૧૩૫ મુજબના ગુનામાં દોષીત ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને **રૂા. ૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો પુરા)** નો દંડ, જો દંડ ન ભરે તો વધુ દિન–૭ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

– આ કામે કબજે લીધેલ મુદામાલ છરીનો અપીલ સમય બાદ નાશ કરવો.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

વાંકાનેર
તારીખ :–૦૩/૦૮/૨૦૨૩

**( ડી.એમ.શાહ)**
એડી. ચીફ જયુડી. મેજી.
વાંકાનેર.
GJ 00972